સ્પોર્ટ્સ અપડેટ

ઓસ્ટ્રેલિયન ઓપન : હવે ૧૫ વર્ષીય માર્ટાએ ઇતિહાસ રચ્યો

મેલબોર્ન,

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસમાં હવે નવો ઈતિહાસ રચાઈ ગયો છે. યુક્રેનની ૧૫ વર્ષીય માર્ટા કોસ્તયુક ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં જુનિયર સિગલ્સનો તાજ જીતી જવામાં સફળ રહી હતી. આ વખતે તે પ્રથમ વખત સિનિયર લેવલ પર રમી રહી છે. તે સિનિયર લેવલમાં પણ ત્રીજા રાઉન્ડમાં પહોંચીને ઈતિહાસ સર્જયો છે. પ્રથમ રાઉન્ડમાં ચીનની શુઆઈ પેંગ પર ૬-૨, ૬-૨થી જીત મેળવી હતી. શુઆઉ ૨૭મી ક્રમાકિંત ખેલાડી છે. દુનિયાની ૫૨૧માં નમ્બરની ખેલાડીએ બુધવારના દિવસે વધુ એક અપસેટ સર્જયો હતો. એ વખતે માર્ટાએ યજમાન દેશની ખેલાડી ઓલિવિયા રોગોવસ્કા પર જીત મેળવી હતી. પોતાનાથી ૧૧ વર્ષ મોટી સ્ટાર ઓલિવિયાને સીધા સેટોમાં ૬-૩ અને ૭-૫થી હાર આપી હતી. વર્ષ ૧૯૯૭ બાદ પ્રથમ ળકત એવુ બન્યુ છે જ્યારે કોઈ ગ્રાન્ડ સ્લેમમાં ત્રીજા રાઉન્ડમાં ૧૫ વર્ષીય અથવા તો તેનાથી ઓછી વયની ખેલાડી પહોંચી છે. માર્ટાએ રોગોવસ્કાને હાર આપીને ઓસ્ટ્રેલિયન ઓપનના આયોજન સ્થળ મેલબોર્ન પાર્કમાં સતત ૧૧મી જીત મેળવી હતી. જીતનો સિલસિલો ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન જુનિયર્સ સાથે શરૂ થયો હતો. એ વખતે તે સફર દરમિયાન સતત ૭ મેચો જીતી ગઈ હતી. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનના ક્વાલિફાઈંગ રાઉન્ડના ત્રણ મુખ્ય ડ્રોના હજુ સુધી કુલ ચાર મેચો જીતી ચુકી છે. ક્રોએશિયાની મિર્યાની લુસિચ બાદ માર્ટા કોઈ ગ્રાન્ડ સ્લેમમાં ત્રીજા રાઉન્ડમાં પહોંચનાર સૌથી નાની વયની ખેલાડી બની ગઈ છે.

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ ચાર ગ્રાન્ડસ્લેમ પૈકીની એક સ્પર્ધા છે. ઓસ્ટ્રેલિયન ઓપન દર વર્ષે મેલબોર્નમાં જાન્યુઆરીના પ્રથમ ત્રણ પખવાડિયામાં યોજાય છે. ૧૯૦૫માં ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપનું પ્રથમ વખત આયોજન કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયન ઓપનમાં પુરુષ, મહિલા સિંગલ્સની સ્પર્ધા, મિક્સ ડબલ્સની સ્પર્ધા, જુનિયર ચેમ્પિયનશીપ, વ્હીલચેર, પૂર્વ ખેલાડીઓની સ્પર્ધા યોજાય છે. ૧૯૮૮ પહેલા આ સ્પર્ધા ગ્રાસકોટ ઉપર રમાતી હતી પરંતુ ત્યારબાદ તેમાં સુધારો કરવામાં આવ્યો હતો. ૧૯૮૮ બાદ મેલબોર્ન પાર્કમાં બે પ્રકારની હાર્ડ કોર્ટ સરફેસનો ઉપયોગ કરવામાં આવે છે.ઓસ્ટ્રેલિયન ઓપનમાં બે પ્રકારના ક્વોટ બનાવવામાં આવે છે. ઓસ્ટ્રેલિયન ઓપનનો ઈતિહાસ ખૂબ શાનદાર રહ્યો છે. ઓસ્ટ્રેલયન ઓપનમાં સૌથી વધારે ચેમ્પિયનશીપ જીતવાનો રેકોર્ડ રોય ઈમર્સને મેળવ્યો છે. ઈમર્સને ૭ વખત સિંગલ્સ સ્પર્ધા જીતી છે. મહિલા વર્ગમાં આ રેકોર્ડ માર્ગારેટ કોર્ટના નામે છે. માર્ગારેટ કોર્ટે ૧૧ વખત સિંગલ્સ સ્પર્ધા જીતી હતી. ઓસ્ટ્રેલિયન ઓપન દિનપ્રતિદિન રોચક બની રહી છે. ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ આગામી દિવસોમાં વધુ રોમાંચક બને તેવા સંકેત છે. કારણ કે પુરૂષોના વર્ગમાં રાફેલ નડાલ, રોજર ફેડરર અને નોવાક જોકોવિક વચ્ચે સીધી સ્પર્ધા છે.યુક્રેનની આ આશાસ્પદ ખેલાડી ઓસ્ટ્રેલિયન ઓપનમાં કિલર તરીકે ઉભરે તેવી શક્યતા દેખાઈ રહી છે. તેની પાસેથી જોરદાર દેખાવની આશા છે. બાજુ સર્બિયાનો નોવાક જોકોવિક પણ ૭ મહિનાના બ્રેક બાદ પરત ફર્યો છે. આવી સ્થિતીમાં તે કેવો દેખાવ કરે છે તે બાબત ઉપયોગી રહેશે. ચાહકો ભારે ઉસુક દેખાઈ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયા-ઇંગ્લેન્ડની વચ્ચે બ્રિસ્બેન વનડેનો તખ્તો તૈયાર

બ્રિસ્બેન,

બ્રિસ્બેન ખાતે આવતીકાલે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી વનડે મેચ રમાનાર છે. આને લઈને ઓસ્ટ્રેલિયન ચાહકો ભારે રોમાંચિત દેખાઈ રહ્યા છે. પ્રથમ મેચમાં હારી ગયા બાદ યજમાન ઓસ્ટ્રેલિયા પર ભારે દબાણ જીત માટેનુ દેખાઈ રહ્યુ છે. સ્ટીવ સ્મીથ માટે મેચ પહેલા જ એક નિરાશાજનક સમાચાર આવી ગયા છે. કારણ કે સ્પીડ સ્ટાર હેઝલવુડ તાવમાં ગરકાવ થઈ જતા તે આઉટ થઈ ગયો છે. જેથી તેની જગ્યાએ અન્યને તક આપવામાં આવનાર છે. ૧૪મી જાન્યુઆરીએ મેલબોર્ન ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં ઓસ્ટ્રેલિયા ઉપર ઈંગ્લેન્ડે પાંચ વિકેટે જીત મેળવીને તમામ ક્રિકેટ ચાહકોને ચોંકાવી દીધા હતા. હાલમાં જ એસિઝ શ્રેણી ૪-૦થી ગુમાવી લીધા બાદ ઈંગ્લેન્ડની ટીમ જોરદાર દેખાવ સાથે વાપસી કરવામાં સફળ રહી હતી. પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા આઠ વિકેટે ૩૦૪ રન કર્યા હતા જેના જવાબમાં ઈંગ્લેન્ડે ૪૮.૫ ઓવરમાં ૩૦૮ રન માત્ર પાંચ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. ઈંગ્લેન્ડે તરફથી રોયે યાદગાર ઈનિંગ્સ રમતા ૧૫૧ બોલમાં ૧૬ ચોગ્ગા અને પાંચ છગ્ગા સાથે ૧૮૦ રન ફટકાર્યા હતા જ્યારે રુટે ૯૧ રન બનાવ્યા હતા. મેન ઓફ દ મેચ તરીકે રોયની પસંદગી કરાઈ હતી. હાલમાં ઘરઆંગણે એસિઝ શ્રેણીમાં ૪-૦થી જીત મેળવી લીધા બાદ ઓસ્ટ્રેલિયા વનડે શ્રેણીમાં છવાશે તેમ માનવામાં આવી રહ્યું છે પરંતુ પ્રથમ મેચમાં ઈંગ્લેન્ડે તેને કારમીરીતે હાર આપી છે. હાલમાં પાંચમી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈનિંગ્સ અને ૧૨૩ રને જીત મેળવીને એસીઝ શ્રેણી ૪-૦થી જીતી લીધી હતી. મેન ઓફ દ મેચ તરીકે પેટ કમિન્સની પસંદગી કરાઈ હતી જ્યારે મેન ઓફ દ સિરીઝ તરીકે સ્ટિવ સ્મિથની પસંદગી કરવામાં આવી હતી.ઓસ્ટ્રેલિયા મેચમાં હોટફેવરીટ તરીકે ઉતરનાર છે.

ડોકલામમાં ચીને લશ્કરી પરિસર બનાવ્યું, અમે તેનો સામનો કરીશું : રાવત

નવીદિલ્હી,

ભારત અને ચીનની વચ્ચે ડોકલામ વિસ્તારને લઈ અનેક મહીનાઓ સુધી ચાલેલ વિવાદ બાદ હવે ડ્રેગને નવી ચાલ ચાલી છે.ચીન આ વિસ્તારમાં હવે લશ્કરી શિબિરનું નિર્માણ કરી રહ્યું છે. સુત્રોના જણાવ્યા અનુસાર નવા સેટેલાઈટ તસવીરોમાં જોવામાં આવ્યું છે કે ચીન આ વિવાદિત ક્ષેત્રમાં લશ્કરી છાવણી બનાવી રહ્યું છે. આ તસવીરોથી સ્પષ્ટ થઈ ગયું છે કે ભુતાન જે વિસ્તાર પર પોતાનો દાવો કરે છે ચીન તે ક્ષેત્રમાં નિર્માણ કાર્યને પરિણામ આપી રહ્યું છે અને પૂર્વ પશ્ચિમ રોડના કિનારે ચીનના અનેક નિર્માણ જોઈ શકાય છે. એ યાદ રહે કે ડોલકામમાં પાંચ મહીના પહેલા ૭૦ દિવસો સુધી ભારત અને ચીનની સેનાઓ આમને સામને હતી. નવી તસવીરોમાં ચીનના એક અન્ય નિર્માણ સ્થળ પર પમ ખાઈ જોવા મવી છે.આ તમામ જગ્યા પર લશ્કરી માળખુ અને પરિસરોને જોઈ શકાય છે. ત્યાં એચના નિશાનની સાથે બે હેલીપેડ પણ સ્પષ્ટ જઈ શકાય છે. દરમિયાન ભારતના થલ સેના પ્રમુખ જનરલ બિપિન રાવતે વિવાદિત ક્ષેત્રમાં ચીન તરફથી કેટલાક આધારભૂત સંરચના વિકાસના કામ કરવાના અહેવાલો વચ્ચે કહ્યું કે ચીનો આધારભૂત સંરચના વિકાસથી જોડાયેલ કામ કર્યુ છે.જોકે મોટાભાગે અસ્થાયી પ્રકૃતિના છે પરંતુ તેના સૈનિક પાચા ગયા છે અને આધારભૂત માળખુ કાયમ છે તો કોઈ અંદાજ લગાવી શ કાય છે કે તે અહીં પાછા આવસે અથવા ઠંડીને કારણે તે પોતાના ઉપકરણ પાછા લઈ જઈ શકયા નહીં.

તેમણે કહ્યું કે ડોકલામ બાદના ઘટનાક્રમમાં સેનાને કોઈ ગંભીર સમસ્યા નજરે આવી રહી નહીં કારણ કે ભારત અને ચીન નિયમિત વાતચીત કરી રહ્યાં છે અને સદ્ભાવ પાછી આવી છે જો કે તેમણે એ પણ કહ્યું કે ભારતના સુરક્ષા દળ કોઈ પણ આકસ્મિક સ્થિતિનો સામનો કરવા તૈયાર છે. જનરલ રાવતે એ વાત પર પણ ભાર મુકયો છે કે પીએલએના સૈનિક ઉત્તરી ડોલામ વિસ્તારમાં આટલી મોટી સંખ્યામાં નથી જેટલી સંખ્યામાં તે ભારત ચીન ગતિરોધના સમયે હતાં.જનરલ રાવતે કહ્યું કે પરંતુ અમે પણ ત્યાં છીએ જો તે આવે છે તો અમે તેમનો સામનો કરીશું. તેમણે કહ્યું કે બંન્ને દેશો વચ્ચે તનાવ ઓછો કરવાનું તંત્ર ખુબ સારી રીતે કામ કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે ડોકલામની ઘટના બાદ અમે સીમા પર તહેનાત આપણા જવાનોની બેઠક શરૂ કરી દીધી છે.અમે નિયમિત રીતે મળી રહ્યાં છીએ.વાતચીત થઈ રહી છે જમીની સ્તર પર કમાંડરો વચ્ચે સંવાદ જારી છે અને ડોકલામની ઘટના પહેલા રહેલ સદ્ભાવ પાછો આવ્યો છે.

પાકિસ્તાને આતંકી પેદા કરવાની પોતાની નીતિ પર ફરી વિચાર કરવો જોઇએ :મોશેના દાદા

મુંબઇ,

વર્ષ ૨૦૦૮માં મુંબઈ આતંકી હુમલાના સમયે જીવિત બચેલ યહૂદી બાળક મોશે હોલ્ટ્સબર્ગના દાદા રબ્બી નેચમેને કહ્યું છે કે પાકિસ્તાનને આતંકવાદી પેદા કરવાની પોતાની નીતિ પર ફરીથી વિચાર કરવો જોઈએ.તેમણે કહ્યું કે પ્રેમ અને લગાવનો પ્રસાર કરવો આ દુનિયામાં એકમાત્ર વિજય છે.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને એ સારી રીતે જાણવું જોઈએ કે લોકો કંઈ વસ્તુનો સામનો કરી રહ્યાં છે. પિતા,ભાઈ પત્ની અને બાળકોના દુખને જોવા જોઈએ.

એ યાદ રહે કે પાકિસ્તાનથી આવેલ ૧૦ આતંકવાદીઓએ ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ મુંબઈમાં અનેક સ્થાનો પર હુમલો કર્યો હતો. તેમાં એક સ્થાન નરીમન હાઉસ પણ હતું.આ હુમલામાં બોલ્ટ્સબર્ગના પુત્ર ગેવરિએલ અને પુત્રવધૂ રિવકાનું મોત નિપજયુ હતું. આ હુમલામાં તેમનો પૌત્ર મોશે જીવતો બચી ગયો હતો.જે હુમલાના સમયે બે વર્ષનો હતો.

હોલ્ટ્સબર્ગે કહ્યું કે પાકિસ્તાન લોકોને ખાસ કરીને બાળકોને આતંકવાદી બનાવવાની શિક્ષા આપી રહ્યું છે અને આતંકની ગતિવિધિઓને વિજય કહી શકાય નહીં. તેમણે કહ્યું કે અચ્છાઈ અને દયાલુતાનો સંદેશ ફેલાવવામાં જ વિજય છે. એ યાદ રહે કે હાલમાં મોશે ભારતમાં જ છે.તે લગભગ નવ વર્ષ બાદ પોતાના ઘરે મુંબઈ પાછો ફર્યો છે. મોસે પોતાના દાદા રબ્બીની સાથે મુંબઈ આવ્યો છે.

ભારત આવવા પર તેમણે કહ્યું કે ભગવાનનો આભાર કે મોશે બીજીવાર પાછો ફરી શકયો.મુંબઈ હવે ખુબ સુરક્ષિત છે. મોશે મુંબઈમાં રહી પોતાનો અભ્યાસ પુરો કરવા માંગે છે. તેની આ ઈચ્છા પુરી કરવા માટે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત પણ લીધી હતી.યેરૂશલમમાં મોદીની સાથે થયેલ એક ભાવુક મુલાકાત દરમિયાન મોશેએ મુંબઈ આવવાની ઈચ્છા વ્યકત કરી હતી. અને આ ઈચ્છા તેની પુરી થઈ છે.

દાહોદ જિલ્લા ઉધોગ કેન્દ્ર ખાતે બેંકર્સ સેમિનાર યોજાયો

દાહોદ,

દાહોદ જિલ્લા ઉધોગ કેન્દ્ર અને કે.વી.આઈ..સી. અમદાવાદ દ્વારા અમલીકૃત રાજ્ય/કેન્દ્ર સરકારશ્રીની કુટીર ઉધોગ વિભાગની વિવિધ પ્રોત્સાહક યોજનાઓની જાણકારી તેમજ સ્વરોજગાર લક્ષી યોજનાઓના સઘન અમલીકરણ તથા ધિરાણ સંબંધે બેંકો સાથે પરામર્શ તથા ચાલુ વર્ષની ૧૦૦ ટકા સિધ્ધી મેળવવાના આયોજન માટે જિલ્લા કક્ષાનો બેંકર્સ સેમિનાર કલેકટરશ્રી જે.રંજીથકુમારના અધ્યક્ષશ્રીના સ્થાને જિલ્લા ઉધોગ કેન્દ્રની કચેરીના સભાખંડ ખાતે યોજાયો હતો. આ સેમિનારમાં કલેકટરશ્રી જે. રંજીથકુમારે જણાવ્યું હતુ; બાજપાઈ બેંકેબલ યોજનામાં ફાળવેલ લક્ષ્યાંક આપણા જિલ્લાનો ઓછો છે. તેમ છતાં સિધ્ધિ ઓછી છે. જે તાકીદે પરિપૂર્ણ કરી જિલ્લામાં બે રોજગાર યુવાન/યુવતિઓને રોજગારી મળી રહે તેવા પ્રયત્ન કરવા તમામ બેંકો સંવેદના સાથે કાર્યવાહી કરવી. વધુમાં જિલ્લા ઉધોગ કેન્દ્રની અમલીકૃત કુટીર ઉધોગ અને એમ.એસ.એમ.ઈ.સેકટરના ઉધોગોને મળતી સહાયની જાણકારી સારી રીતે મળી રહે તે માટે બહોળો પ્રચાર/પ્રસાર કરવા માટે જિલ્લા કલેકટરશ્રીએ હતુ કે ગરીબ વ્યકિત આર્થિક રીતે સધ્ધર થાય તેવો કેન્દ્ર અને રાજય સરકારનો મૂળભૂત ઉદેશ છે. ત્યારે જે તે બેંકોમાં મોકલાવા કેસોનું ચોકકસ નિરિક્ષણ કરી તેને મંજુર કરવા કલેકટરશ્રીએ જણાવ્યું હતું. સામાન્ય કચેરી હોય તો સંબધિત અધિકારીને પૂર્તતા કરવા દૂર સંચાર માધ્યમ કે અન્ય ઝડપથી થતા માધ્યમ દ્વારા સંદેશો પહોંચાડી પૂર્તતા કરવા બેંક મેનેજરશ્રીઓને અપીલ કરી હતી. યોગ્ય વ્યકિતને લોન-સહાય મળે તેની ખાસ તકેદારી રાખવા, સહાય બેવડાઈ જાય તેવા કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓ બેંકોના અધિકારીઓને તાકીદ કરી હતી. જિલ્લા ઉધોગ કેન્દ્રની અમલીકૃત કુટિર ઉધોગ અને એમ.એસ.એમ ઈ.સેકટરના ઉધોગોને મળતી સહાય જાણકારી સારી રીતે મળી રહે તે માટે બહોળો પ્રચાર પ્રસાર કરવા માટે જિલ્લા કલેકટરશ્રીએ ઉધોગ કેન્દ્રના સંબંધિત અધિકારી/કર્મચારીઓને તાકીદ કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુજલ મયાત્રાએ જિલ્લા ઉધોગ કેન્દ્રની, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યોજનાઓ, આધાર લીંક કરવા સાથે જે તે બેંકોના એ.ટી.એમ.કાર્ડની સવલત મળી રહે તે પર વિશેષ ભાર મુકયો હતો.

સેમિનારમાં દાહોદ જિલ્લા લીડ બેંક મેનેજરશ્રી રજનીકાંત મુનિયાએ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના.. મેનેજરશ્રી મહેતાએ જિલ્લા ઉધોગ કેન્દ્રની દરેક યોજનાઓના લક્ષ્યાંક પરિપૂર્ણ કરવા તમામ બેંક મેનેજરશ્રીઓને ભાર પૂર્વક જણાવ્યું હતું. આ સેમિનારમાં જિલ્લા ઉધોગ કેન્દ્રના મેનેજર શ્રી પી.એમ. હિંગુએ સ્વાગત પ્રવચન કરતા અને રાજય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી આપતાં જણાવ્યું હતું. કે ફાળવેલ લક્ષ્યાંક પ્રમાણે કામગીરી પરિપૂર્ણ થાય તે જરૂરી છે. તેમને બાજપેઈ બેંકબલ યોજનામાં ફાળવેલ લક્ષ્યાંક આપણા જિલ્લાનો ઓછો છે તેમ છતાં સિધ્ધી ઓછી છે.

વિરાટ કોહલી

ક્રિકેટર ઓફ દ યર તરીકે ઘોષિત કરાયો

નવીદિલ્હી,

દક્ષિણ આફ્રિકાની સામે ટેસ્ટ શ્રેણી ગુમાવી દેનાર ભારતીય કેપ્ટન વિરાટ કોહલીના ચાહકો માટે સારા સમાચાર છે. તેમને આઈસીસીએ ૨૦૧૭ની વનડે અને ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ સહિત અનેક એવોર્ડ માટે ચૂંટી કાઢ્યા છે. વનડે ક્રિકેટર ઓફ દ યર ઉપરાંત ટેસ્ટ રેંકિંગમાં પણ ટોપ ઉપર રહેનાર ભારતીય કેપ્ટનને આઈસીસી ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ અપાયો છે.

બીજી બાજુ ટેસ્ટ ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ ઓસ્ટ્રેલિયન કેપ્ટન સ્ટિવ સ્મિથના નામ ઉપર રહ્યો છે. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૬થી ૨૦૧૭ સુધી ટેસ્ટમાં ૭૭.૮૦ રનની સરેરાશ સાથે ૨૨૦૩ રન કર્યા છે જેમાં એક સદીનો સમાવેશ થાય છે. બીજી બાજુ વનડેની વાત કરવામાં આવે તો તેના ઉપર ૮૨.૬૩ની સરેરાશ સાથે ૧૮૧૮ રન રહ્યા છે જ્યારે ટી-૨૦માં ૧૫૩ રનના સ્ટ્રાઈક રેટ સાથે ૨૯૯ રન બનાવ્યા છે. બીજી વખત આવું બન્યુ છે જ્યારે કોઈ ભારતીય ક્રિકેટરને ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ મળ્યો છે. ગયા વર્ષે અશ્વિનને આ એવોર્ડ મળ્યો હતો. ટેસ્ટ ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ સ્ટીવ સ્મિથના નામે રહ્યો છે. સ્ટિવ સ્મિથે ૧૬ ટેસ્ટ મેચોમાં સૌથી વધારે ૧૮૭૫ રન કર્યા છે. તેની સરેરાશ ૭૮.૧૨ રનની રહી છે. આ ગાળા દરમિયાન સ્ટીવ સ્મિથ આઠ સદી અને પાંચ અડધી સદી બનાવી છે. આઈસીસી વનડે ટીમમાં ડેવિડ વોર્નર, રોહિત શર્મા, વિરાટ કોહલી, બાબર આઝમ, ડિવિલિયર્સ, ડીકોક, બેનસ્ટોક, ટ્રેન્ટ બોલ્ટ, રશીદ ખાન, જસપ્રિત બુમરાહનો સમાવેશ ખરાયો છે. જ્યારે ટેસ્ટ ટીમમાં એલ્ગર, વોર્નર, કોહલી, સ્મિથ, પુજારા, બેનસ્ટોક, ડીકોક, અશ્વિન, સ્ટાર્ક, રબાડા અને એન્ડરસનનો સમાવેશ કરાયો છે.

જેસાવાડા ખાતે તાજેતરમાં થયેલ ગોળીબારમાં ઇજા પામેલ ૧૬ ઇસમોને મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય મંજુર કરાઇ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા પોલીસ સ્ટેશનમાં તા. ૨૬/૧૦/૨૦૧૭ના રોજ થયેલ પોલીસ ગોળીબારમાં જે ઈસમોને ઈજા થયેલ છે. તેઓને મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી મૃત્યુ સહાય માટે જિલ્લા પ્રશાસન તરફથી દરખાસ્ત કરવામાં આવી હતી.તદનુસાર નાની-મોટી ઈજાગ્રસસ્ત ૧૬ વ્યકિતઓને ઈજાની ટકાવારી પ્રમાણે કુલ રૂા. ૫,૪૦,૦૦૦ લાખની સહાય રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવી છે.

તે પૈકી અર્જુનભાઈ બાબુભાઈ ભુરીયા રહે. નઢેલાવ, તા. ગરબાડા જેમને આંખના ભાગે છરા વાગવાથી થયેલ ૬૦ ટકા ઈજા પ્રમાણે રૂા. ૨,૦૦,૦૦૦/-, નરેશભાઈ મસુલભાઈ નિનામા રહે. આંબલી, તા. ગરબાડા આંખના ભાગે છરાગવાથી થયેલ ૩૦/- ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, સતીષભાઈ મડુભાઈ કટારા રહે. જેસાવાડા તા. ગરબાડાને જમણી દાઢી તથા જમણા ગાલના ભાગે છરા વાગવાથી થયેલ ૨૦ ટકા ઈજા પ્રમાણે રૂા.૧૦,૦૦૦/- સંજયભાઈ કાળુભાઈ ડામોર રહે. વજેલાવ તા. ગરબાડાને કપાળના ભાગે થયેલ ઈજા, છાતીના જમણા ભાગે વાગવાથી થયેલ ઈજા પ્રમાણે રૂા.. ૧૦,૦૦૦/-, માધવભાઈ ભગવાનભાઈ આહિર રહે.જેસાવાડા તા. ગરબાડા કાયમી:રામખેડા, તા. કંપાસના જિ.ચીત્તોડગઢ (રાજસ્થાન) જમણા હાથના બાવળા જમણા પગના સાથળ અને ડાબા પગના અંગુઠા પર થયેલ ૧૫ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, વિષ્ણુભાઈ માધવભાઈ આહિર રહે.જેસાવાડા તા. ગરબાડા કાયમી:રામખેડા, તા. કંપાસના જિ.ચીત્તોડગઢ (રાજસ્થાન),ને માથાના જમણા ભાગે થયેલ ૧૦ ટકા ઈજા પ્રમાણે રૂા.. ૧૦,૦૦૦/- તથા કનુભાઈ સબુરભાઈ ભુરીયા રહે. નઢેલાવ તા. ગરબાડા જમણી આંખના ભાગે થયેલ ૬૦ ટકા ઈજા પ્રમાણે ૨,૦૦,૦૦૦/-, રાકેશભાઈ કશનાભાઈ ભાભોર રહે. જેસાવાડા તા. ગરબાડા દાઢી, ચહેરા તથા ગળાના ભાગે થયેલ ૨૦ ટકા ઈજા પ્રમાણે ૧૦,૦૦૦/-, અજયભાઈ રાજુભાઈ કટારા રહે.જેસાવાડા તા. ગરબાડા શરીરના ગાલ, છાતીના ભાગે થયેલ ૩૦ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, રમેશભાઈ નાનજીભાઈ સોયડા રહે. આંબલી તા. ગરબાડા હાથ, ઘુંટણ અને કમરના ભાગે થયેલ ૧૫ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/- સંજયભાઈ માનસિંગભાઈ ભાભોર રહે. છરછોડા તા. ગરબાડાને ખોપડીના ભાગે, છાતીના જમણા ભાગે ૨૦ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, રાકેશભાઈ દલાભાઈ ભાભોર રહે. છરછોડા તા. ગરબાડા છાતીના ડાબા ભાગે, કપાળના ડાબા ભાગે થયેલ ૩૦ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, ભાવિન હિરાભાઈ રાઠોડ રહે. જેસાવાડા તા. ગરબાડા છાતીના ડાબા અને કપાળના ભાગે થયેલ ૩૦ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/-, શંકરભાઈ સનીયાભાઈ કટારા રહે. જેસાવાડા તા. ગરબાડા ખભા, છાતી તથા પેટના ભાગે થયેલ ૨૦ ટકા ઈજા પ્રમાણે ૧૦,૦૦૦/-, વિજયભાઈ પસીતાભાઈ કટારા રહે. જેસાવાડા તા. ગરબાડા છાતીના વચ્ચેના ભાગે થયેલ ૧૫ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/- -જ્યારે શ્રીમતિ દિતલીબેન માલુભાઈ ડામોર રહે. આંબલી, તા. ગરબાડાને જાંઘના વચ્ચેના ભાગે, ઘુંટણ તથા અન્ય ભાગો પર છરાથી થયેલ ૧૫ ટકા ઈજા પ્રમાણે રૂા. ૧૦,૦૦૦/- મંજુર કરવામાં આવ્ય છે. એમ કલેકટરશ્રી જે.રંજીથકુમારે એક અખબારી યાદી દ્વારા જણાવ્યુ છે.

નરેન્દ્ર મોદીના કાર્યાલય પર ૫ ,૦૦૦ રૂપિયાનો દંડ લાગ્યો

લખનૌ,

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે વડાપ્રધાન કાર્યાલય પર પાંચ હજારનો દંડ લગાવ્યો છે. આ દંડ નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (કેગ) રિપોર્ટ પર કાર્યવાહીની માંગથી સંબંધિત જનહિત અરજી પર આદેશ છતાં જવાબી સોગંદનામુ દાખલ નહીં કરવા પર લગાવવામાં આવ્યો છે. આ આદેશ ન્યાયમૂર્તિ સુધીર અગ્રવાલ અને ન્યાયમૂર્તિ અબ્દુલ મોઈનની બેંચે સુનીલ કાંદુ તરફથી દાખલ જનહિત અરજી પર પસાર કર્યો

અરજી અનુસાર કેન્દ્ર સરકાર દ્વારા કેગના માત્ર ૧૦ રિપોર્ટ પર ધ્યાન લેવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.જયારે કેગ પ્રતિવર્ષ પાંચ હજાર રિપોર્ટ કેન્દ્રને આપે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે કેગના સુધારા સંબંધી મુદ્દાની સાથે સાથે પ્રદેશમાં મહાલેખાકાર દ્વારા ગત ૧૦ વર્ષોમાં લગાવવામાં આવેલ લેખા પરીક્ષા વાંધાો પર કોકિાર્યવાહી ન થવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. અરજી પર નવ જાન્યુઆરીએ સુનાવણી દરમિયાન અદાલતે જણાવ્યું કે ૧ ઓગષ્ટ ૨૦૧૭ના રોજ પ્રતિવાદીઓને જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આમ છતાં હજુ સુધી જવાબ દાખલ કરવામાં આવ્યો નથી.

શંખેશ્વર ખાતે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે

૧.૨૫ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલા શિશુમંદિર પ્રાથમિક વિદ્યાલયનું લોકાર્પણ

પાટણ,

વિદ્યાભારતીના ઉપક્રમે પાટણ જિલ્લાના શંખેશ્વર ખાતે ૧૯૯૬ થી ચાલતા શિશુમંદિરને રૂા.૧.૨૫ કરોડના ખર્ચે નિર્માણ થયેલા નવા ભવનની સહુલીયત સાંપડી છે. જેનું ઉદ્દઘાટન આજ રોજ પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના હસ્તે આકર્ષણ કરાવામાં આવ્યુ હતું. શ્રમ રોજગાર મંત્રી શ્રી દિલપકુમાર ઠાકોર ઉપસ્થિત રહ્યાહતા. વિદ્યાભારતી ટ્રસ્ટ શંખેશ્વર સંચાલીત શિશુમંદિરના નવાભવનમાં પ્રયોગશાળા, પુસ્તકાલય, બાલોદ્યાન, વોટરકુલર, પ્રધાનાચાર્યકક્ષ, ૨૦ કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. શ્રીમતીઆનંદીબેનપટેલએજણાવ્યુ કે, ગુજરાતમાં શિક્ષણના કાયાકલ્પમાં સરકાર પછી સૌથી પ્રબળ પ્રયાસો વિદ્યાભારતી કરે છે. આગામી સમય માટે ભારતીય સંસ્કૃતીને અનૂરૂપ નવી પઢી તૈયાર કરવાનું કામ વિદ્યાભારતી કરે છે. શંખેશ્વર જેવા બક્ષીપંચ વસ્તી પ્રધાનતાવાળા વિસ્તારમાં અન્યાધુનિક શૈક્ષણિક સંકુલ નિર્માણ કરવા માટે દાતાઓ દ્વારા અપાયેલા સહિયોગને શ્રીમતી આનંદીબેન પટેલએ સહરાયો હતો.

શ્રમ રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરએ જણાવ્યુ કે, વિદ્યાદાન સૌથી મહાન છે. શિક્ષણમાં પાયાની સવલતો ઉભી કરવામાં વિદ્યાભારતી જેવી સંસ્થાઓનો ભવ્ય પુરુસાર્થ સમાજની વંદનાનો અધિકારી છે.

શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ વિદ્યાશંકુલ તથા શ્રીમતી ચંન્દ્રીકાબેન સુરેશચંન્દ્ર દોશી પ્રાથમિક એવમ માધ્યમિક વિદ્યાલયમાં નવા ભવનના ઉદ્દઘાટનમાં પૂર્વ મંત્રી તારાચંદછેઠા, મુખ્ય દાતા રાકેશકુમાર કે. શાહ, શ્રીમતી ચંન્દ્રીકાબેન એસ. દોશી અને વિદ્યાભારતીના ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સુભાષભાઈ દવેએ ઉદ્ભોદન કર્યુ હતું.

આ અવસરે કિશોરભાઈ શેઠ, કલ્પેશભાઈ શાહ, વિનોદભાઈ ગંગર, નિતાબેન દોશી, સુમનભાઈ પીરગલ સહિત ગોવિંદભાઈ સિંધવ અને ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાહતા.

એક અન્ય કાર્યક્રમમાં વરાણા ખાતે શ્રમ રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરએ શ્રી ખોડીયાર શકિતપીઠ ખાતે ૧૫ દિવસ ચાલનારા મહામેળાનું ઉદ્દઘાટન કર્યુ હતું. આ મેળો મહાસુદ એકમ થી માડી પૂનમ સુધી ચાલુ રહે છે. જેમાં લાખ્ખો ભાવિકો જોડાય છે.

દાહોદ જિલ્લાનો ૬૯મો પ્રજાસત્તાક દિન પંચેલા ખાતે ઉજવાશે

દાહોદ,

દાહોદ જિલ્લાનો આગામી પ્રજાસત્તાક દિન ૨૬ મી જાન્યુઆરી-૨૦૧૮ દેવગઢબારીયા તાલુકાના પંચેલા ખાતે યોજનાર છે. આ પ્રજાસત્તાક પર્વની ઉજવણીના આયોજન અંગેની બેઠક જિલ્લા કલેકટરશ્રી જે.રંજીથકુમારના અધ્યક્ષસ્થાને સરદાર સભાખંડ ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી જે.રંજીથકુમારે જણાવ્યું હતું કે આગામી પ્રજાસત્તાક પર્વની ઉજવણી શાનદાર રીતે થાય તે માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓની જાણકારી ટેબ્લો મારફતે લોકો સુધી પહોંચે અને તેનો લાભ લઈ શકે તે માટે ટેબ્લોને આકર્ષક, લોકો સમજી શકે તેવા બનાવવા, સસ્કૃતિક કાર્યક્રમો મર્યાદિત સમયમાં પૂર્ણ કરી શકાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જે તે વિભાગે વિશિષ્ટ કામગીરી કરી હોય તેવા અધિકારી-કર્મચારીઓનું સન્માન કરવું, સ્વાતંત્ર્ય સેનાનીઓના સન્માન અને સ્થળ પર લાવવા લઈ જવાની વ્યવસ્થા કરવી. તાલુકાની સરકારી કચેરીઓની ઉપસ્થિત મહાનુભાવો દ્વારા નિરિક્ષણ કરવામાં આવશે. તેનું આગોતરું આયોજન કરવા અને બાળકોને દુધ વિતરણ કરવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે પ્રજાસત્તાક અંગેની ઉજવણીનું સ્થળ નેશનલ-હાઈવે નજીક હોવાથી પાર્કિંગની વ્યવસ્થાની ખાસ કાળજી રાખવી પડશે.

સમગ્ર બેઠકમાં સંચાલન કરતાં નિવાસી અધિક કલેકટરશ્રી આર.એમ.ખાંટે જણાવ્યુ હતું કે બેઠકમાં પ્રભાત ફેરી, પાણીની વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, બાળકોને દૂધ વિતરણ, આરોગ્યની વ્યવસ્થા, પોલીસ પરેડ, સાંસ્કૃતિ કાર્યક્રમ સહિત અન્ય વિશિષ કામગીરી કરનારને ઈનામ વિતરણ તથા સન્માન પત્ર વિતરણ કરવાના સંબંધિત અધિકારીઓને સૂચન કર્યા હતા.

આ બેઠકમાં જુદા જુદા વિભાગના ૧૬ જેટલા ટેબ્લો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આપતિ વ્યવસ્થાપન સંદર્ભે પણ ટેબલો યોજાય તો તેનો સંદેશો લોકો સુધી પહોંચે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રેમવીર સિંઘ, દેવગઢબારીયા પ્રાંત અધિકારીશ્રી તથા જિલ્લાના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ

નોંધણીકૃત કાર્યાલયઃ એસ એફ-૨૦૬,
સિલ્વર ઓક કોમ્પ્લેક્સ, બી.પી.સી. રોડ,
વડોદરા - ૩૯૦૦૨૦.
ફોન : ૦૨૨-૨૫૦૦૫૨૪૫/૪૬
ફેક્સ : ૦૨૨-૨૫૦૦૪૮૯૩.
વેબસાઈટ : www.corallab.com
ઈમેલ : cs@corallab.com
કોર્પોરેટ કાર્યાલયઃ #૩બી,
પાટણવાલા ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ,
શ્રેયસ સિનેમાની સામે, એલ.બી.એસ. માર્ગ,
ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ - ૪૦૦૦૮૬
CIN: L24231GJ1997PLC031669

નોટિસ

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) વિનિયમો ૨૦૧૫ના વિનિયમ ૨૯(૧) અને ૪૭ અનુસાર નોટીસ પાઠવવામાં આવે છે કે, ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ પૂર્ણ થતાં ત્રિમાસિકગાળાના ઑડિટ નહીં થયેલાં નાણાંકિય પરિણામો અંગે વિચારણા કરવા અને તેને સ્વીકારવા માટે ગુરૂવાર ૨૫ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ બપોરે ૧:૦૦ વાગ્યે ૩ બી, પાટણવાલા કમ્પાઉન્ડ, ફિટનેસ વર્લ્ડની બાજુમાં, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૮૬ ખાતે આવેલ કંપનીની કોર્પોરેટ ઑફિસે કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સની મીટિંગ નિર્ધારિત કરવામાં આવી છે.

નોટિસની નકલ કંપનીની વેબસાઈટ www.corallab.com પર અને બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

કોરલ લેબોરેટરીઝ લિમિટેડ વતી
આદેશથી
સુષ્મા ચિનચને
ડાયરેક્ટર
ડીઆઈએનઃ (૦૭૭૯૧૭૩૫)

સ્થળ : મુંબઈ
તારીખઃ ૧૮ જાન્યુઆરી, ૨૦૧૮

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે

મેં મારૂ નામ **બિરલબેન બાબુભાઈ વ્યાસ** હતું તે બદલીને **બિરલ ભૌતેશ નાયક** રાખેલ છે.
સરનામું : એચ-૨૦૪,
અર્જુનગ્રીન્સ, નારણપુરા,
અમદાવાદ
1828

HDFC BANK

એચડીએફસી બેન્ક લી,
ઊંઝા- જી.મહેસાણા, ગુજરાત-૩૮૪૧૭૦

કબ્જા નોટીસ

નીચે દર્શાવવામાં આવેલા દેવાદારે ગીરવે મૂકેલા માલ સામે કરજ લીધેલ છે. **મૈયા કોમોડિટી મેનેજમેન્ટ પ્રા.લિ. અને નેશનલ કોલેટરન મેનેજમેન્ટ સર્વિસ લી.** દ્વારા વેરહાઉસની રસીદ કોલેટરલ મેનેજમેન્ટ એજન્સી, એચડીએફસી બેન્ક લિમિટેડની તરફેણમાં છે. બેંક બુકસમાં ધિરાણની મુદત પુરી થયા છતા હજુ પણ તેનું ચૂકવણું બાકી છે. બેન્ક દ્વારા ડિમાન્ડ / લિક્વિડેશન નોટિસોના ઈશ્યૂ કરવા છતાં લેણદાર ચુકવણી કરી નથી તેથી બેંકે ભારતીય કરાર અધિનિયમ -૧૮૭૨ ની કલમ -૧૭૬ હેઠળ બેન્કે કોમોડિટીના સ્ટોક્સનું વેચાણ કરવા માટે આગળ વધવાનું નક્કી કર્યું છે અને નીચે પ્રમાણે ગોડાઉનમાં સંગ્રહિત માલમાં રસ ધરાવતી પાર્ટીને જેમ છે જ્યાં છે તે મુજબ વેચવાનો છે. કોમોડિટી એટલે કે **રાઇ અને એરંડા બીજ, મૈયા કોમોડિટી મેનેજમેન્ટ પ્રા.લિ. અને નેશનલ કોલેટરન મેનેજમેન્ટ સર્વિસ લી.**ના ગોડાઉનમાં લોક એન્ડ કી હેઠળ સંગ્રહિત છે, લેણદાર જો તેઓ ઈચ્છે તો હાજર રહી શકે છે.

લીલામનું સ્થાનઃ એચડીએફસી બેંક લિમિટેડ, ઊંઝા, જી. મહેસાણા, ગુજરાત-૩૮૪૧૭૦

દેવાદારના નામ	ગોડાઉનનું સરનામું	કોમોટીડીનો જથ્થો મી.માં	કોમોડીટીના અનામત ભાવ મી.માં
ધ્રુવ નવીનભાઈ ઠક્કર	ભારતીબેન ઘનશ્યામભાઈ પટેલ, આર.એસ. નં.૪૩૪ ગોડા.નં.એ-૫૭ અને ૩૮, એ-૫૮ ગોલ્ડન પાર્ક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડી થી છત્રાલ રોડ, કડી-૩૮૨૭૧૫	રાઈ ૩૭૧.૩૬૫	રૂા.૩૬,૫૦૦/-
	વિજયભાઈ ભાઈલાલભાઈ પટેલ આર.એસ. નં.૩૬૦, ગોડા.નં.૫, પ્લસ પોઈન્ટ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગામ-બુડાસણ, તા.કડી, જી. મહેસાણા-૩૮૨૭૧૫	એરંડાના બીજ ૧૬૪.૨૮	રૂા.૪૫,૦૦૦/-
	ભારતીબેન ઘનશ્યામભાઈ પટેલ આર.એસ. નં.૪૩૪ ગોડા.નં.એ-૫૧ ગોલ્ડન પાર્ક, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, કડી થી છત્રાલ રોડ, કડી-૩૮૨૭૧૫, જી. મહેસાણા	રાઈ ૨૦૮.૨૫	રૂા.૩૬,૫૦૦/-

એચડીએફસી બેન્ક લિમિટેડ, પહેલો માળ, સુવિધા કોમ્પ્લેક્સ, સ્ટેશન રોડ, ઊંઝા, ગુજરાત- ૩૮૪૧૭૦ ખાતે બિડ અરજી રજૂ કરી શકાશે. કામના દિવસ ૧૯.૦૧.૨૦૧૮ થી ૨૩.૦૧.૨૦૧૮ ના સવારે ૧૦ થી સાંજે ૪ ના સમયગાળા દરમિયાન સુધી હરાજીની શરતો અને વિગતો અમારી ઉપરોક્ત શાખામાંથી શ્રી અબીબહુસેન સલેહ ૮૧૪૦૮૮૦૫૩૦ પાસેથી મેળવી શકે છે.

તારીખ : ૧૯.૦૧.૨૦૧૮
સ્થળ : મહેસાણા, ગુજરાત

સહી/- અધિકૃત અધિકારી
એચડીએફસી બેન્ક લી.